# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૮/૨૨૭૩૬ તા. ૨૮/૦૧/૨૦૧૮

પરિપત્ર-૪૬૮

સંદર્ભ : (૧) ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરનો તા. ૧૯/૦૧/૨૦૧૮ નો પરિપત્ર ક્રમાંક :એસએજી/સ્પો.લીગ/૨૦૧૭-૧૮

(૨) કુલપતિશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગરનો તા. ૨૫/૦૧/૨૦૧૮ નો પત્ર

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કૉલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તથા શારીરિક શિક્ષણના પ્રાધ્યાપકોને ઉપરોક્ત સંદર્ભ દર્શિત પરિપત્ર અને પત્ર અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રીની ખેલકૂદ નીતિના ભાગ રૂપે રાજ્યના યુવા વર્ગના સ્કુલ અને કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ સમયાંતરે, નિયમિત ખેલકૂદની પ્રવૃતિઓમાં પ્રવૃત થાય, તેઓની ખેલકૂદમાં રૂચી વધે તેમજ મનગમતી રમતોમાં સ્પર્ધાત્મક વાતાવરણ ઉભું કરી પ્રતિભાશોધ થાય તેવા ઉમદા આશયથી "ગુજરાત સ્કુલ અને કૉલેજ સ્પોર્ટ્સ લીગ" નું આયોજન કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ આપની કૉલેજમાં અભ્યાસ કરતા વધુમાં વધુ વિદ્યાર્થીઓ આનો લાભ લે તે માટે જરૂરી પ્રચાર-પ્રસાર તથા પ્રયત્નો કરવા વિનંતી.

"ગુજરાત સ્કુલ અને કૉલેજ સ્પોર્ટ્સ લીગ" માં વિદ્યાર્થીઓના ઓનલાઈન રજીસ્ટ્રેશન, એલીજીબીલીટી, ફોર્મ સબમીશન, ફી તેમજ અન્ય વિગતો સંદર્ભ-૧ માં દર્શિત પરિપત્ર અનુસાર રહેશે (નકલ સામેલ છે) જે ધ્યાને લેવા અને તે મુજબ જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

આપનો વિશ્વાસુ

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

(કુલસચિવ, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા)

બિડાણ : ઉપર મુજબ

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કૉલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તથા શારીરિક શિક્ષણના પ્રાધ્યાપકો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

ક્રમાંક:એસએજી/સ્પો.લીગ/૨૦૧૭-૧૮
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
બ્લોક નં.૧૪/૨જો માળ
ડૉ.જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર તા૧૯/૦૧/૨૦૧૮

## ગુજરાત સ્કૂલ અને કોલેજ સ્પોર્ટસ લીગ-૨૦૧૭-૧૮

### પરીપત્ર:-

ખેલમહાકુંભ અંતર્ગત ગ્રાસ રૂટના ખેલાડીઓને ખેલકૂદના માધ્યમથી તેમની પ્રતિભાને પ્રદર્શિત કરવા અને પ્રતિભાશોધ માટેનો મુખ્ય સ્ત્રોત છે. રાજયની ખેલકૂદ નીતિના ભાગ રૂપે રાજયના યુવા વર્ગ (૧૯ વર્ષથી નીચે અને ૨૫ વર્ષ સુધીના વયજુથ)ના સ્કૂલ અને કોલેજમાં અભ્યાસ કરતાં યુવક/યુવતિઓની સમયાંતરે, નિયમિત ખેલકૂદની પ્રવૃત્તિઓમાં પ્રવૃત થાય, ખેલકૂદમાં રૂચી વધે તેમજ વિવિધ મનગમતી રમતોમાં સ્પર્ધાત્મક વાતાવરણ ઉભું કરી, પ્રતિભાશોધ થાય તેવા ઉમદા આશયથી "ગુજરાત સ્કૂલ અને કોલેજ સ્પોર્ટસ લીગ" નું આયોજન કરવામાં આવે છે.

### અભિગમ:-

ઘણા વિકસીત દેશોમાં સપ્તાહમાં લીગ મેચ લાંબા સમયથી પ્રસ્થાપિત થયેલ છે. આજ મોડલ પર રાજ્ય અને ઝોનની દરેક રમતો માટે તબક્કાવાર રાજ્યકક્ષા સ્પોર્ટસ લીગનું આયોજન કરવામાં આવશે. જેમા એક ટીમ બીજા ટીમ સાથે આ લીગ મેચ રવિવારે તથા રજાના દિવસોમાં રમશે. રાજ્યકક્ષાની લીગ મેચના અંતે નોકઆઉટ મેચીસ (સેમીફાઇનલ અને ફાઇનલ) દ્વારા લીગ મેચના વિજેતાઓ જાહેર કરવામાં આવશે.

રમત ગમતનાં નિયમો અને સંપૂર્ણ લીગનું વ્યવસ્થિત આયોજન જોવા માટે નીચે મુજબની Streering Committee ની રચના કરવામાં આવેલ છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર | અધ્યક્ષ |
| ૨ | વાઈસ ચાન્સેલરશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સીટી, ગાંધીનગર | ખાસ આમંત્રિત |
| 3 | સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર | સહ-અધ્યક્ષ |
| ૪ | સચિવશ્રી, રાજય રમતગમત પરિષદ (યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ) | સભ્ય |
| ૫ | મુખ્ય કોચશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર | સભ્ય |
| ૬ | જે તે રમતના રાજ્ય સરકારના માન્ય રમતગમત મંડળના પ્રતિનિધિ | સભ્ય |
| ૭ | શાળા/કોલેજના આચાર્ય/ટ્રસ્ટી | સભ્ય |
| ૮ | સહાયક નિયામકશ્રી, (કોચીંગ) એસ.એ.જી. | સભ્ય સચિવ |
| ૯ | અગ્રણી રમતવીર અને સ્પોર્ટ્સ પ્રમોટર | સભ્ય |

ઉપરોક્ત સમિતિનાં માર્ગદર્શન હેઠળ ચાલુ વર્ષે સ્પોર્ટસ લીગનું આયોજન સંચાલન હાથ ધરવામાં આવશે.



Shri Govind Guru University
GODHRA
Inward No. : 3330
Date : 28/01/2018
Branch : Sports

## આયોજન સંચાલન:

સ્કૂલ/કોલેજની ઝોન અને સ્ટેટ લીગ સિનિયર કોચ અને જિલ્લા રમતગમત અધિકારીએ સંયુક્ત રીતે યોજવાની રહેશે. "લીગ"ના આયોજન અંગેની સમગ્ર જવાબદારી સિનિયર કોચની રહેશે.

- કન્વીનર : સિનિયર કોચ
- સહ-કન્વીનર: જિલ્લા રમતગમત અધિકારી
- વધુમાં વધુ ટીમો રજિસ્ટ્રેશન કરાવે અને ભાગ લે તેવા સનિષ્ઠ પ્રયાસો કરવાના રહેશે.
- સ્થાનિક કક્ષાએ વિનામૂલ્યે પ્રચાર –પ્રસાર કરવાનો રહેશે.

## ➢ રમતો

| ક્રમ | સ્કુલ | | કોલેજ | |
|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | ભાઈઓ | બહેનો |
| ૧ | કબડ્ડી | કબડ્ડી | કબડ્ડી | વૉલીબોલ |
| ૨ | વૉલીબોલ | વૉલીબોલ | વૉલીબોલ | બાસ્કેટબોલ |
| ૩ | બાસ્કેટબોલ | બાસ્કેટબોલ | બાસ્કેટબોલ | ખોખો |
| ૪ | હેન્ડબોલ | હેન્ડબોલ | ફૂટબોલ | - |
| ૫ | ફૂટબોલ | ખોખો | - | - |

## સ્પર્ધા માટેની પાત્રતા-વય મર્યાદા:-

- ➢ શિક્ષણ વિભાગ દ્વારા રજિસ્ટ્રેશન થયેલ એક સંસ્થાની એક જ ટીમ ભાગ લઇ શકશે.
- ➢ ભાગ લેનાર ખેલાડી શાળા/કોલેજમાં નિયમિત રીતે અભ્યાસ કરતો હોવો જોઇએ.

## સ્કૂલ સ્પર્ધા માટે:

- તા.૩૧/૧૨/૨૦૧૭નાં રોજ જેમની ઉંમર ૧૯ વર્ષ કરતા ઓછી હોય અને ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરતા ખેલાડીઓ જ ભાગ લઇ શકશે.
- કબડ્ડી (બહેનો) માટે વજન ગૃપ ૬૫ કિ.ગ્રા. અને કબડ્ડી (ભાઈઓ) માટે ૭૦ કિ.ગ્રા રહેશે.

## કોલેજ સ્પર્ધા માટે:

- નિયમિત રીતે અભ્યાસ કરતા વિધાર્થીઓ જ ભાગ લઇ શકશે.
- પ્રત્યેક કોલેજ / ઈન્સ્ટીટ્યુટ દીઠ જે તે રમતની એક ટીમ રજિસ્ટ્રેશન કરી શકશે.
- તા.૩૧/૧૨/૨૦૧૭નાં રોજ જેમની ઉંમર ૨૫ વર્ષથી ઓછી હોય તેવા ખેલાડીઓ જ ભાગ લઇ શકશે.
- કબડ્ડી (બહેનો) માટે વજન ગૃપ ૭૫ કિ.ગ્રા. અને કબડ્ડી (ભાઈઓ) માટે ૮૫ કિ.ગ્રા રહેશે.

રજિસ્ટ્રેશન:

ટીમના રજિસ્ટ્રેશન માટે વેબસાઇટ (www.khelgujarat.org/league) પર ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. ત્યારબાદ ફોર્મ તથા ખેલાડીઓનાં એલીજીબીલીટી હાર્ડ કોપી સાથે નક્કી કરેલ ફી રૂ.૧૬૦૦/- (અંકે રૂપીયા એક હજાર છસો પુરા)નો ડ્રાફ્ટ સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરનાં નામે જે તે જિલ્લાના સિનિયર કોચને તા.૩૧ જાન્યુઆરી સુધીમાં મોકલી આપવાનો રહેશે. જો રજિસ્ટ્રેશન ફોર્મ અને ખેલાડીઓના એલીજીબીલીટી ફોર્મ અને રૂ.૧૬૦૦/- (અંકે રૂપીયા એક હજાર છસો પુરા)નો ડ્રાફ્ટ રજીસ્ટ્રેશનની સમય મર્યાદામાં જમા કરાવવામાં નહી આવે તો ભાગ લેવા દેવામાં આવશે નહી.'

## સ્પોર્ટસ લીગ માટે નીચે મુજબ ઝોન રહેશે.

| | |
|---|---|
| ઉત્તર ગુજરાત ઝોન | અમદાવાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, સુરેન્દ્રનગર, કચ્છ-ભુજ |
| દક્ષિણ ગુજરાત ઝોન | સુરત, નર્મદા, ભરૂચ, તાપી, નવસારી, વલસાડ, ડાંગ |
| મધ્ય ગુજરાત ઝોન | વડોદરા, છોટા ઉદેપુર, દાહોદ, પંચમહાલ, ખેડા, મહિસાગર, આણંદ |
| સૌરાષ્ટ્ર ઝોન | રાજકોટ, મોરબી, ભાવનગર, બોટાદ, પોરબંદર, જામનગર, દેવભુમિ દ્વારકા, ગીર સોમનાથ, જુનાગઢ, અમરેલી |

ઝોનકક્ષા :-

- પ્રારંભિક નોકઆઉટ પધ્ધતિથી દરેક ઝોન દીઠ રમત વાઈઝ પ્રથમ અને દ્વિતિય એમ ૨ ટીમ સ્ટેટ લીગમાં ભાગ લેશે.
- લીગ નોકઆઉટ સ્પર્ધા જે તે રમતના ભારત સરકાર માન્ય એસોસીએશન, ફેડરેશનનાં નીતિનિયમો અનુસાર રમાડવાની રહેશે

ગ્રાન્ટ:-

- ઝોનકક્ષા અને રાજ્યકક્ષાની ગ્રાન્ટ સિનિયર કોચને ફાળવવામાં આવશે.
- ઝોન કક્ષાએ નોકઆઉટમાં ભાગ લેતી ટીમોને પ્રતિ ટીમ રૂ.૧૬૦૦/-ની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
- જેમાં મેદાન, સાધન, ચીફ રેફરી અને ટેક્નીકલ ઓફીસિયલ્સનું પ્રવાસ ખર્ચ, માનદ વેતન (ખેલ મહાકુંભખેલનાં નીતિ નિયમ મુજબ) તેમજ ખેલાડી, ચીફ રેફરી અને ટેકનીકલ ઓફીસિયલ્સ, વ્યવસ્થાપક વગેરેને ચા, પાણી, નાસ્તો અને એક ટાઇમ લંચ આપવાનો રહેશે.
- રૂ.૧૬૦૦/-ની મર્યાદા કરતાં વધારે ખર્ચ થાય તો સ્પષ્ટીકરણ અને ભાગ લેનાર ટીમને ધ્યાને લઇ વધારાની ગ્રાન્ટ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ફાળવવામાં આવશે.

## સ્ટેટ લીગ:

- સ્ટેટ લીગ મેચનું આયોજન શનિવાર તેમજ રવિવારની રજાઓ દરમ્યાન હાથ ધરવામાં આવશે સંજોગો વસાહત એક જ સ્થળ પર રજાના દિવસો સિવાય પણ સ્પર્ધા રાખી શકાશે.
- લીગ સ્પર્ધાના અંતે પોઇન્ટ ટેલીના આધારે શ્રેષ્ઠ ૪ ટીમો સેમીફાઇનલ માટે ક્વોલીફાઇડ થશે અને નોકઆઉટ સ્પર્ધા દ્વારા શ્રેષ્ઠ ૩ ટીમો વિજેતા બનશે.
- દરેક રમતોની સ્ટેટ લીગમાં ૮ (આઠ) ટીમો રહેશે.
- લીગ સ્પર્ધામાં એક જ સ્થળે જે તે રમતની તમામ ટીમ સાથે મળી પરસ્પર મેચ રમવાની રહેશે.
- ખેલમહાકુંભનાં નિતિ નિયમ મુજબ નિવાસ, પ્રવાસ, ભોજન અને માનદ વેતન તેમજ મેદાન સાધનનો ખર્ચ ચૂકવવાનો રહેશે.

## હેડકોચની ભૂમિકા:-

- સ્પર્ધામાં ભાગ લેનાર ટીમ/સંસ્થાની સંખ્યાને ધ્યાનમાં લઇ ડ્રો(ફિક્ચર) તૈયાર કરવાનાં રહેશે.
- લીગ મેચનું સુચારૂ આયોજન માટે ભાગ લેનાર સ્કુલ/કોલેજ, ઓબ્ઝર્વર, એસોસીએશન વગેરે સાથે સંકલન કરી સંપૂર્ણ રીતે લીગ સ્પર્ધાનું આયોજન હાથ ધરવાનું રહેશે.

## સરકાર માન્ય રાજય રમત એસોસીએશનની ભૂમિકા:-

- લીગ મેચના નિયમનું માળખું તૈયાર કરવાનું રહેશે.
- મેચનું સંચાલન (મેચ નીતિ નિયમ અનુસાર રમાય છે તેની ખાતરી કરશે.) અને ટેક્નીક વિવાદનું નિરાકરણ લાવશે.
- લીગનું સંપૂર્ણ ટેક્નીકલ નિરિક્ષણ કરવાનું રહેશે.
- ડ્રો ની ખાતરી કરવી અને પોઇન્ટ ટેલીની જાળવણી કરવાની રહેશે.
- ટેકનીકલ સહયોગ આપવાનો રહેશે.
- પ્રતિભાશોધ

## ઓબ્ઝર્વર (નિરીક્ષક)ની ભૂમિકા:-

લીગ સ્પર્ધાના ઓબ્ઝર્વર (નિરીક્ષક) તરીકે એક જવાબદાર વ્યક્તિની નિમણુંક સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા કરવામાં આવશે અને તેમની નીચે મુજબની ભૂમિકા નિભાવવાની રહેશે.

- સ્પર્ધા સ્થળની અગાઉ મુલાકાત લઇને તમામ વ્યવસ્થાની ચકાસણી કરવાની રહેશે.
- ટેકનીકલ ઓફીસીયલ્સની યાદી મેળવી ચકાસણી કરવાની રહેશે.
- ભાગ લેવા આવનાર ટીમોને સમયસર જાણ કરવાની રહેશે.
- મુખ્ય આયોજક અને સહઆયોજક સાથે સંકલનમાં રહીને નિરીક્ષણ કરવાનું રહેશે.
- ટેકનીકલ ઓફીસીયલ્સને સમયસર ભાડા ભથ્થા મળે તે પણ જોવાનું રહેશે.
- સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા નિયત ફોર્મેટમાં નિરીક્ષણ અહેવાલ મેચ પૂર્ણ થયેથી સત્વરે મોકલી આપવાના રહેશે અને ક્ષતિ જણાય તો ઓર્ગેનાઇઝીંગ સ્કુલ/કોલેજ તેમજ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતને તરત જાણ કરવાની રહેશે.

## પોઇન્ટ સિસ્ટમ:-

- વિજેતા ટીમને ૨ પોઇન્ટ મળશે.
- હારેલી ટીમને 0 પોઇન્ટ મળશે.
- જો મેચ ટાઇમાં પરીણમે તો બંન્ને ટીમોને ૧-૧ પોઇન્ટ મળશે.
- કોઇપણ કારણોસર જો મેચ ના રમાય તો અથવા અધવચ્ચે રોકવી પડે અને મેચનું પરીણામ ના આવે તેવા સંજોગોમાં બંન્ને ટીમોને ૧-૧ પોઇન્ટ આપવામાં આવશે.
- લીગ મેચનાં અંતે શ્રેષ્ઠ ૪ ટીમની પસંદગી પ્રક્રિયામાં ૧ થી ૪ ક્રમાંક માટે જો કોઇપણ ૨ ટીમોના પોઇન્ટ સરખા હોય તો તેવા સંજોગોમાં જે તે રમતનાં રાજ્ય એસોસીએશન દ્વારા નિયુક્ત કરાયેલ ફોર્મેટ મુજબ જે તે ટીમને ઉપરનો ક્રમાંક આપવામાં આવશે.

## પ્રોટેસ્ટ:-

- મેચ દરમ્યાન જ્યારે ટીમને વાંધો હોય તો તે ટીમ મૌખીક રીતે તેમનો વાંધો ઓફીસીયલ્સને રજુ કરી શકશે. ત્યારબાદ ટીમ મેનેજર દ્વારા મેચ પૂર્ણ થયાના એક કલાકની અંદર લેખીતમાં પ્રોટેસ્ટ રજુ કરવાનો રહેશે.
- પ્રોટેસ્ટ લેખીતમાં રૂ.૧૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા)ની ફી ભરીને આપવાના રહેશે. પ્રોટેસ્ટ જો ખોટી ઠરશે તેવા સંજોગોમાં રૂ.૧૦૦૦/- ફી પરત મળશે નહી. જો પ્રોટેસ્ટ યોગ્ય હશે તો પ્રોટેસ્ટ ફી પરત કરવામાં આવશે.
- સિનિયર કોચ, જે તે રમતનાં હેડકોચ, ઓબ્ઝર્વર (નિરીક્ષક), ચીફ રેફરી, કો-ઓર્ડીનેટરની જ્યુરી ઓફ અપીલ કમિટી બનાવી સ્થાનિક કક્ષાએ નિર્ણય લેવાનો રહેશે.
- જ્યુરી ઓફ અપીલ કમિટીનો નિર્ણય આખરી ગણાશે, જ્યુરી ઓફ અપીલ કમિટીના નિર્ણય સામે કોઇપણ પ્રકારનો પ્રોટેસ્ટ થઇ શકશે નહી.

## ડિસ્ક્વોલીફીકેશન:-

- જો કોઇ ટીમ ગૃપની સ્પર્ધામાં પસંદ થઇ સ્ટેટ લીગમાં ભાગ ના લે તો તે ટીમ/સંસ્થાને ચાલુ વર્ષે અને તેના પછીના ત્રણ વર્ષ સુધી સ્પોર્ટસ લીગમાં ભાગ લેવા દેવામાં આવશે નહી.
- સ્પર્ધામાં સ્ટેટ લીગમાં ભાગ લેવામાં આવનાર ટીમ/સંસ્થાના જે તે રમતમાં નિયત કરેલ નિર્ધારિત કરેલ સંખ્યા કરતા ઓછી સંખ્યામાં ભાગ લેવા આવશે તો તે ટીમને પણ ચાલે વર્ષે અને તેના પછીના ત્રણ વર્ષ સુધી સ્પોર્ટસ લીગમાં ભાગ લેવા દેવામાં આવશે નહી.
- જો કોઇ ટીમ માન્ય એસોસીએશન દ્વારા નિયત કરેલા નિયમોનું ઉલ્લંઘન કરે તો તે ટીમને પણ ચાલુ વર્ષ અને તેના પછીના ત્રણ વર્ષ સુધી સ્પોર્ટસ લીગમાં ભાગ લેવા દેવામાં આવશે નહી.
- જો કોઇ ટીમ તેની સ્કુલ/કોલેજનાં નિયમિત અભ્યાસ કરતા વિદ્યાર્થી સિવાયનાં કોઇ વિદ્યાર્થીને પોતાની ટીમમાંથી રમાડે તો તે ટીમને ચાલુ વર્ષ અને તેના પછીના ત્રણ વર્ષ સુધી સ્પોર્ટસ લીગમાં ભાગ લેવા દેવામાં આવશે નહી.
- ઉપરોક્ત સુચનોનું ઉલ્લંઘન કરનાર ટીમોની સ્કુલ/કોલેજોને જાણ કરવામાં આવશે અને તે અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

અન્ય:-

- સ્કૂલ અને કોલેજ લીગમાં સીધા પ્રવેશને બદલે નોકઆઉટ સ્પર્ધા યોજવામાં આવશે.
- કોઇપણ સ્કૂલ અને કોલેજ ભાગ લઇ શકશે.
- ઝોન લીગના રોકડ-પુરસ્કાર વિજેતા ટીમ સ્ટેટ લીગની દરેક મેચમાં ભાગ લે તો જ રોકડ-પુરસ્કાર મળવાપાત્ર રહેશે.
- સ્ટેટ લીગમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે વિજેતા ટીમોના માત્ર ખેલાડીઓને જ ટ્રેકશુટ આપવામાં આવશે.
- ઝોન અને સ્ટેટ લીગના ખેલાડીઓને પ્રવાસ ખર્ચ આપવાનો રહેશે નહી.
- સ્કુલ/કોલેજનાં ટીમનાં ખેલાડીઓમાંથી પ્રતિભાશાળી ખેલાડીઓની શોધ કરી નિયમ મુજબ નિવાસી અને બિનનિવાસી એકેડમી તથા ડી.એલ.એસ.એસ.માં પ્રવેશ આપી શકાશે.
- શ્રેષ્ઠ પરફોર્મન્સવાળી સંસ્થા/કોલેજ/સ્કૂલને સંબંધિત રમતોના વધુ વિકાસ માટે ટ્રેનર ફાળવી શકાશે.
- સંસ્થાને રમત અનુરૂપ મેદાન, સાધન માટે સ્કૂલ સ્પોર્ટસ કોન્ટેક્ટ પ્રોગ્રામ યોજના હેઠળ નાણાંકીય સહાય આપી શકાશે.
- CSR સ્પોન્શરશીપ માટે રસ ધરાવનારે ઈમેલ દ્વારા તા.૩૧/૦૧/૨૦૧૮ સુધીમાં sag.sportsleague@gmail.com પર માહિતી મોકલી આપવાની રહેશે.

રોકડ-પુરસ્કાર :-

વિજેતા કોલેજ અને સ્કૂલને નીચે મુજબના રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

| | વિગત | ટીમ | |
|---|---|---|---|
| | | સ્કુલ | કોલેજ |
| ઝોન લીગ | પ્રથમ | ૧,૦૦,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- |
| | દ્વિતીય | ૭૫,૦૦૦/- | ૭૫,૦૦૦/- |
| સ્ટેટ લીગ | પ્રથમ | ૫,૦૦,૦૦૦/- | ૫,૦૦,૦૦૦/- |
| | દ્વિતીય | ૩,૫૦,૦૦૦/- | ૩,૫૦,૦૦૦/- |
| | તૃતીય | ૨,૫૦,૦૦૦/- | ૨,૫૦,૦૦૦/- |

વધુ માહિતી વેબસાઈટ **www.khelgujarat.org/league** પર મળી રહેશે. આ અંગેની કોઈ પણ સ્પષ્ટતા **sag.sportsleague@gmail.com** ઈ-મેઈલ દ્વારા મેળવી શકાશે. ટોલ ફ્રી નં.૧૮૦૦ ૨૭૪૪ ૧૫૧

ડાયરેકટર જનરલ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારું

(૧) અંગત સચિવશ્રી,

માન.મંત્રીશ્રી, શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ) ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, કાયદો અને ન્યાય તંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, મીઠા ઉધોગ, ગૌ-સંવર્ધન અને નાગરીક ઉડ્ડયનનું કાર્યાલય, ગાંધીનગર

(૨) અંગત સચિવશ્રી,

માન.રાજયકક્ષાના મંત્રીશ્રી, સહકાર, રમત-ગમત, યુવક, સાંસ્કૃતિક વિભાગ (સ્વતંત્ર હવાલો) વાહન વ્યવહાર(રાજયકક્ષા)નું કાર્યાલય, ગાંધીનગર

(૩) સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર

પ્રતિ,

(૧) વાઈસ ચાન્સેલરશ્રી, યુનિવર્સીટી, તમામ

(૨) કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર

(૩) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર

(૪) નિયામકશ્રી, શાળાઓ, ગાંધીનગર

(૫) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર

(૬) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ, ગાંધીનગર

(૭) ક્લેક્ટરશ્રી, તમામ

(૮) મ્યુ.કમિશ્નરશ્રી, તમામ

(૯) રજિસ્ટ્રારશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સીટી, ગાંધીનગર

(૧૦) પ્રિન્સીપાલશ્રી, કોલેજ તમામ

(૧૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

(૧૨) પ્રમુખ/મંત્રીશ્રી, રાજયકક્ષાના માન્ય રમતગમત મંડળો

(૧૩) સીનીયર કોચશ્રી, તમામ

(૧૪) જિલ્લા રમતગમત અધિકારીશ્રી, તમામ

(૧૫) શાખા અધિકારીશ્રી, તમામ

SWARNIM GUJARAT SPORTS UNIVERSITY

सत्यमेव जयते

**Dr. Jatin Soni**
Vice Chancellor

January 25, 2018

Dear Sir,

"***KhelMahakumbh***" a unique initiative of Government of Gujarat was started off in 2010, and is successfully being conducted since last 8 years. This has led to the evolvement of a sporting environment in the state of Gujarat.

*KhelMahakumbh* has proved to be the source of talent identification of sportspersons and their potentials, at the grass-root level. It has now become imperative that for the regular talent identification and development of a sporting culture, a competitive environment needs to be cultivated. With this objective in mind, the Government of Gujarat has initiated "College Sports League" for the young students of colleges all across the state.

As the Vice-Chancellor of Swarnim Gujarat Sports University, I strongly recommend to your good office to kindly ensure team registrations and maximum participation from the Departments of your University and affiliated colleges.

Further details can be obtained from www.khelgujarat.org/league, or at email ID sag.sportsleague@gmail.com or on toll free number 1800 2744 151.

Yours in Sport,

25/1/18

**Dr. Jatin H Soni**

**To,**
**The Hon. Vice – Chancellor**
All Universities of Gujarat

Shri Govind Guru University
GODHRA
Inward No. : 3331
Date : 28/01/2018
Branch : Sports